# અધિક કલેક્ટર કક્ષાના ૧૮ જેટલા અધિકારીઓને બઢતી

રાજ્ય સરકારે આજે ૧૮ જેટલા એડીશનલ કલેક્ટર કક્ષાના અધિકારીઓને સંયુક્ત સચિવના પગાર ધોરણમાં બઢતી આપીને સીલેક્શન ગ્રેડ આપવામાં આવ્યો છે.


| નામ | હાલની જગ્યા |
|---|---|
| બી.કે. કુમાર | અધિક નિવાસી કલેક્ટર, નવસારી |
| જી.સી. વાઘેલા | નિયામક અછત, ગાંધીનગર |
| એ.એમ. શર્મા | અધિક નિયામક, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર |
| એમ.વાય. દક્ષીણી | એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, જી.આઈ.ડી.સી. ગાંધીનગર |
| એસ.આર. ભાવસાર | ખાસ ફરજ પરના અધિકારી, સી.એમ.ઓ. ગાંધીનગર |
| જે.ડી. દેસાઈ | અંગત સચિવ મહેસૂલ મંત્રીના |
| એ.બી. ગોર | નિવાસી અધિક કલેક્ટર, રાજકોટ |
| કે.એલ. બચાણી | અધિક કોમર્શીયલ ટેક્ષ, ટેક્ષ કમિશનર કચેરી અમદાવાદ |
| એસ.એફ. સૈયદ | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જામનગર |
| એમ.ડી. મોડીયા | નિવાસી અધિક કલેક્ટર, ગાંધીનગર |
| જે.આર. ડોડીયા | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ડાંગ |
| એ.જે. શાહ | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમદાવાદ |
| આર.બી. રાજયગુરૂ | નિવાસી અધિક કલેક્ટર, પાટણ |
| એમ.એલ. મકવાણા | રજીસ્ટ્રાર ગ્રાહક સુરક્ષા કમીશન, અમદાવાદ |
| કે.એસ. મેનાત | નાયબ મ્યુ. કમિશનર, વડોદરા |
| ડી.એસ. ગઢવી | ના. કમિશનર, ગ્રામ વિકાસ કમિશનર, ગાંધીનગર |
| બી.એ. શાહ | ખાસ ફરજ પરના અધિકારી, એચ.આર.એમ.એસ. સેલ, ગાંધીનગર |

# ડીસામાં બે મહિલા ઠગ સાડા દશ લાખની ઠગાઈ કરી રફુચક્કર

ડીસા, તા. ૨૬

વહેપારી મથક ડીસામાં થોડા દિવસો અગાઉ ટાબરિયા ગેંગ દ્વારા લગ્ન સમારોહમાંથી લાખોની ઠગાઈ થયાની ઘટના બાદ આજરોજ ડીસા ઉત્તર પોલીસ મથકમાં વધુ એક ઠગાઈનો બનાવ નોંધાયો છે જેમાં બે મહિલાઓ દ્વારા એક જૈન પરિવારને નકલી સોનાની ગિની અસલી કહી પધરાવાઈ હતી, અને તેના બદલામાં આ બે ઠગ મહિલા દ્વારા જૈન પરિવાર પાસેથી રોકડ અને દાગીના સહીત ૧૦.૫૪ લાખ લઈ ઠગાઈ કરી રફુચક્કર થવાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસ દોડતી થઈ છે.

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં વધુ એક લાખોની ઠગીનો બનાવ પ્રકાશમાં આવેલ છે, જે ઘટનાની વિગતો જોઈએ તો ડીસાની આદિનાથ સોસાયટીમા ંરહેતા મહેન્દ્રભાઈ શાહના ઘેર ૧૦ દિવસ અગાઉ એક મહિલા જે સંભવિત રબારી સમાજના પહેરવેશમાં ઘી વેચવા આવી હતી, જેને તે બાદ આ પરિવારને રૂપિયા નવસો લઈ ૩ કિલો ઘી આપ્યું હતું અને સંબંધ કેળવ્યો હતો, તો બાદ આવતી ૨૪ ફેબ્રુઆરીના અગાઉની મહિલા તેની અન્ય સાથીદાર એવી બીજી મહિલા સાથે આ પરિવારના ઘેર પહોંચી હતી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

અને આ વખતે તેને દહી બતાવી, ચખાડી મફતમાં જ પરિવારજનોને ખવડાવ્યું હતું. જે બાદ પરિવારજનો સંભવિત કોઈ નશાના કેફમાં ફસાયા હતા અને તેમની વિચારવાની શક્તિ ક્ષિન થઈ હતી, પરિવારનું માનવું છે કે તેને દહીંમાં કોઈ કેફી પીણું પાયું હતું જે બાદ આ બન્ને મહિલાઓએ ઠગાઈના ઈરાદે પોતાની પાસે સોનાની જુના સમયની અસલી ગિની હોવાનું અને તે સસ્તામાં વેચાણ કરવાનું જણાવ્યું હતું. તેમજ દીકરીના આણુ કરવા માટે જરૂરી હોઈ આ ગિની તે વેચાતી હોવાનું ઠગ મહિલાઓએ જણાવ્યું હતું.

જેથી લાલચમાં મહેન્દ્રભાઈ શાહ અને તેમના પત્ની આરતીબેન શાહ ફસાયા હતા અને સસ્તામાં સોનુ ખરીદવાની લાલચમાં આઠ હજારમાં એક તોલાના ભાવે સોનાની ગિનીઓ ખરીદી હતી અને આ બન્ને ઠગ મહિલાઓને એક કિલો બસ્સો ગ્રામ નકલી સોનાની ગિનીના સોદા પેટે ઘરમાંથી રોકડ રૂપિયા સાત લાખ ચોવીસ હજાર અને સોનાના બે સેટ, ચાર બુટ્ટી તેમજ બે હાથની બંગડી સહિત અગિયાર તોલા સોનુ સહીત કુલ રૂપિયા ૧૦.૫૪ લાખ ચુકવ્યા હતા. આમ સોદો પતતા અને ૧૦.૫૪ લાખની માલતમત્તા મળતા આ બે ઠગ મહિલા ગણતરીની મિનિટોમાં રફુચક્કર થઈ ગઈ હતી. જો કે તે બાદ આ પરિવારની ધ્યાનમાં આવેલ કે આ સોનાની ગિની નકલી



છે, જેથી છેતરપીંડી થયાના અહેસાસે પીડિત મહિલા આરતીબેને આ મામલે ઉત્તર પોલીસમથકમાં બે ઠગ મહિલા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવેલ છે. આ મામલે ઉત્તર પી.આઈ. રાઠોડે બે અજાણી ઠગ મહિલા વિરૂદ્ધ કેફી પીણું પાણી કરેલ ઠગાઈનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

# પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલય, સે. ૫નો વાર્ષિકોત્સવ તા. ૧ માર્ચ, શનિવાર, બપોરે ૨ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય અશોક પટેલ વિશેષ અતિથિ તરીકે, કોર્પોરેટર રાકેશ પટેલ અને પ્રદ્યુમનસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અભિનય ગીત, આદિવાસી ગીત, રાસ, ગરબો, પંજાબી ડાન્સ, મરાઠી ડાન્સ, રાજસ્થાની ડાન્સ, પિલ્મી ફ્યુઝન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરશે. તેમજ વર્ષ દરમ્યાન વૃક્ષારોપણ, રંગોળી હરિફાઈ, મહેંદી હરિફાઈ, બાલોત્સવ, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને યોગાસન જેવી શિબિરોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવશે.

## મીના બજારમાં સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

પ્રગતિ લારી પાથરણા મંડળ જુના સચિવાલય, મીના બજાર, ગાંધીનગર દ્વારા હનુમાનજી મહારાજની આરાધના, ઉપાસના, સાધના ભક્તિનું રસપાન કરાવતા સુંદરકાંડ પાઠ સંજય ભારતી બાપુની વ્યાસપીઠે તા. ૧ માર્ચ શનિવાર સવારે ૯.૦૦ કલાકે મીનાબજાર જુના સચિવાલય ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. ભાવિભક્તોને લાભ લેવા ઉપ પ્રમુખ કનુભાઈ વાલેરાએ જણાવ્યું છે.

# જીવનલક્ષી સાહિત્ય વિશે પરિસંવાદ યોજાયો

સિધ્ધપુર, તા. ૨૬

ગુજરાત સાહિત્ય અકાદમી અને મંગલ જીવન ટ્રસ્ટ, સેદ્રાણાના સંયુકત ઉપક્રમે તાજેતરમાં 'જીવનલક્ષી સાહિત્ય' વિશે પરિસંવાદ યોજાયો હતો.

આ પરિસંવાદમાં રજનીભાઈ પંડયા, ડૉ. કેશુભાઈ દેસાઈ, લક્ષ્મણભાઈ પટેલ, કાન્તિભાઈ પટેલ, વિનાયક રાવલ ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદ દરમિયાન ઉમાશંકરની કવિતામાંજીવનલક્ષિતા વિશે ડૉ. યશોધર રાવલે પ્રવચન કર્યું હતું. જયારે પન્નાલાલની કથા સૃષ્ટિમાં જીવનલક્ષિતાના અંગે ડૉ. પ્રકાશ પંડયા, ડૉ. કેશુભાઈ દેસાઈની નવલકથાઓમાં જીવન લક્ષિતાના અંગે ડૉ. કનૈયાલાલ બારોટ તેમજ ડૉ. દવે યોગીના સાહિત્યમાં જીવન લક્ષિતા અંગે પ્રો. તુલસીભાઈ પટેલે મનનીય પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ઊંઝાના લક્ષ્મણભાઈ પટેલે મંગલજીવન ટ્રસ્ટને રૂપિયા પાંચ લાખ દાન આપવાની જાહેરાત કરી હતી.

કાર્યક્રમના અંતે ડૉ. વિનાયક રાવલ અને માય ડીયર જયુએ જીવનલક્ષિતા વિશે પ્રવચન આપ્યું હતું. જયારે કાર્યક્રમનું સફળ સંચાલન વિનાયક રાવલે કર્યું હતું.

# નર્મદા બંધ મામલે કેન્દ્રને અનુરોધ કરતો પ્રસ્તાવનો વિધાનસભામાં સ્વીકાર

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતની જીવીદોરી સમાન નર્મદા બંધ પર દરવાજા મૂકવા સહિતની બાકી બાંધકામની કામગીરી વિના વિલંબે ચાલુ કરી શકાય તે માટેની મંજૂરી મેળવવા માટે ઘટતા પગલા લેવા માટે કેન્દ્ર સરકારને અનુરોધ કરતો પ્રસ્તાવ આ વિધાનસભા ગૃહમાં પસાર કરીને સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ભાજપના ધારાસભ્ય બચુભાઈ ખાબડે આજે વિધાનસભા ગૃહમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજુ કરતાં જણાવ્યું હતું કે સરદાર સરોવર યોજના એક આંતર રાજ્ય અને બહુહેતુક યોજના છે અને ગુજરાતની જીવાદોરી સમાન છે. નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા વખતોવખત આપવામાં આવેલ મંજૂરીને ધ્યાને લઈ ડિસેમ્બર ૨૦૦૬માં નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી પૂર્ણ થયેલ છે. બંધના છેલ્લા તબક્કાનું ૧૨૧.૯૨ મીટરથી ૧૩૮.૬૮ મીટર સુધીની ઉંચાઈ વધારવાનું બાંધકામ પૂર્ણ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી મંજુરી મળવાની બાકી છે.

તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરીટીના પર્યાવરણ પેટા જૂથ તથા પુનઃવસન અને પુનઃ સ્થાપન પેટા જૂથ દ્વારા ફેઝ-૧ ના સ્પીલવે પીલર્સ પૂર્ણ ઉંચાઈ સુધીના બાંદકામ બ્રીજ તથા ગેઈટ બેસાડવાની ભલામણના આધારે નર્મદા કંટ્રોલ ઓથોરીટી મંજૂરી આપવા માટે સક્ષમ સત્તા છે.

દરવાજા મુકવાની કામગીરીમાં પણ ત્રણ વર્ષ જેટલો સમય જાય તેમ છે. દરવાજા મુકવાની અને ઉંચાઈ વધારવા અંગેની કામગીરી અંગે કેન્દ્ર સરકારની મંજૂરીમાં થઈ રહેલ વિલંબને કારણે ગુજરાતને વિદ્યુત ઉત્પાદનમાં વાર્ષિક ૧૫૩.૩ કરોડ યુનિટની ઘટને કારણે પ્રતિ યુનિટ રૂ. ૪ મુજબ રૂ. ૬૧૩ કરોડનું નુકશાન થઈ રહેલ છે. જ્યારે બંધની ઊંચાઈ ૧૩૮.૬૮ મીટરને બદલે ૧૨૧.૯૨ મીટરને કારણે બંધની જળ સંગ્રહ ક્ષમતામાં ૪૧૯૫ મીલીયન ઘટાડો થતાં પાણીના પ્રવર્તમાન દર રૂ. ૩૨૮ પ્રતિ હેક્ટર પ્રતિ વોટરીંગ મુજબ રૂ. ૧૧૨ કરોડનું રાજ્યમાં ૬.૮ લાખ હેક્ટર વિસ્તારમાં ખેત ઉત્પાદનમાં વાર્ષિક ૮૭ લાખ ટન ઘટાડો જે પૈકી ત્રીજા ભાગનો ઘટાડો રૂ. ૧૦૦૦ પ્રતિ ટનના ભાવે ગણતરીમાં લેતા વાર્ષિક રૂ. ૨૯૦૦ કરોડનું નુકશાન, બંધના હયાત ઈજારદારને બંધ રહેવાથી ચુકવવાના થતા વળતર પેટે વાર્ષિક રૂ. ૩૦ કરોડનું નુકશાન થયું છે.

તેમણે જણાવ્યું હતું કે બંધની ઊંચાઈ ૧૩૮.૬૮ મીટર સુધી વધારવાની તથા બંધના દરવાજા મુકવા માટે મંજૂરીમાં કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલ વિલંબને કારણે ગુજરાત રાજ્યને વાર્ષિક આશરે રૂ. ૩૭૮૮ કરોડનું એટલે કે પ્રતિદિન આશરે રૂ. ૧૦.૩૮ કરોડનો વધારાનો બોજો સહન કરવાનો થાય છે.

પ્રસ્તાવ પરની ચર્ચાનો મંત્રી નીતિનભાઈએ જવાબ આપ્યા બાદ મતદાન પર મુકતા પ્રસ્તાવને વિપક્ષની ગેરહાજરીમાં બહુમતીએ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## કેન્દ્ર સરકારની ટીકાના વિરોધમાં વિપક્ષના સભ્યોનો ગૃહમાંથી વોકઆઉટ

ગાંધીનગર, તા. ૨૬

વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ કેન્દ્ર સરકારની નર્મદા વિકાસ મંત્રીએ ટીકા કરતા તેના વિરોધમાં ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ભાજપના સભ્યોએ નર્મદા બંધ ઉપર દરવાજા મુકવાની મંજુરી નહી મળતા ગુજરાતને થતા નુકશાન અંગે પગલા ભરવા કેન્દ્રને અનુરોધ કરતો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો.

આ પ્રસ્તાવ પરની ચર્ચા અંગે રાજ્ય સરકારના મંત્રી નીતિનભાઈ પટેલે જવાબ દરમ્યાન કેન્દ્ર સરકારની ટીકા કરતાં વિપક્ષના સભ્યોએ ગૃહમાં હોબાળો મચાવી દીધો હતો અને ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

## બનાસ ડેરી દ્વારા સાહસિક દૂધ ઉત્પાદક વિકાસ કાર્યક્રમ અંતર્ગત

# પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો માટે કોમર્શીયલ ડેરી ફાર્મીંગ અંગેની તાલીમ આપવાનું શરૂ કરેલ અભિયાન

બનાસકાંઠા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં સહકારી ધોરણે દૂધનો ધંધો પ્રસ્થાપિત થયા



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બાદ આજે એશીયા ખંડમાં દૂધ સંપાદન ક્ષેત્રે બનાસ ડેરી મોખરાનું પ્રથમ સ્થાન ધરાવે છે, તે ગૌરવની વાત છે. હજુ આપણા દ્વારા પશુપાલનના વ્યવસાય વૈજ્ઞાનિક અભિગમ સાથે વ્યાવસાયિક બનાવવામાં આવે તો દૂધ ઉત્પાદનમાં ઘણો વધારો કરવા સાથે ગુણવત્તા ક્ષેત્રે સારૂ પ્રદાન કરીને ઉચ્ચ વળતર મેળવી શકાય છે, જેને ધ્યાનમાં રાખી બનાસ ડેરીએ જીસીએમએમએફના સહયોગથી પશુપાલકોના વિકાસ અર્થે સાહસિક દૂધ ઉત્પાદક વિકાસ કાર્યક્રમ અંતર્ગત પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો માટે કોમર્શીયલ ડેરી ફાર્મીંગ અંગેની પાંચ દિવસની તાલીમ આપવાનું અભિયાન બનાસ ડેરી શરૂ કરેલ છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૫-૨-૨૦૧૪ના રોજ ડેરીના ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

આ ઉદ્‌ઘાટન સમારોહની શરૂઆત ધ્યાન અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી અને ડૉ. હરીભાઈ પટેલ ડે. મેનેજર (ડી.એચ.આરબીપી)એ શાબ્દિક સ્વાગત કર્યુ હતું અને ડૉ. એન.એમ. દેશમુખે કોમર્શીયલ ડેરી ફાર્મીંગ યોજનાનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે ગામડાઓના પશુમાલિકોમાં વૈજ્ઞાનિક ધોરણે પશુપાલન કરવાનો અભાવ જોવા મળે છે. પરિણામે દૂધ ઉત્પાદનને લગતા અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે, જે પશુપાલકને નુકશાન કર્તા છે. જો પશુપાલન વૈજ્ઞાનિક ધોરણે કરવામાં આવે તો દરેક સમસ્યાનું નિરાકરણ કરી શકાય છે.



આ ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા ચેરમેનશ્રી પરીભાઈ ભટોળે જણાવ્યું હતું કે બનાસ ડેરીના આધ્યસ્થાપક મરહુમ ગલબાભાઈ નાનજીભાઈ પટેલે જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં વસતા આર્થિક અને સામાજિક રીતે પછાત લોકોનો જીવન નિર્વાહ સારી રીતે પશુપાલનના વ્યવસાય દ્વારા ગોઠવાય તેવું સ્વપ્ન સેવ્યું હતું. બનાસ ડેરીએ તેમના સ્વપ્નને સાકાર કરવા સાથે પશુપાલનના વિકાસમાં અનેક મહત્વના લક્ષ્યાંકો પ્રાપ્ત કર્યા છે. બનાસ ડેરીએ સૌથી પહેલા સાહસિક દૂધ ઉત્પાદક વિકાસ કાર્યક્રમ અંતર્ગત પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો માટે કોમર્શીયલ ડેરી ફાર્મીંગ અંગેની તાલીમ આપવાનું અભિયાન શરૂ કરેલ છે. જેનાથી પશુ માલિક વ્યાવસાયિક રીતે પશુપાલન કરવા સાથે ધંધાનો હિસાબ રાખતો થશે પરિણામે બીન જરૂરી ખર્ચમાં ઘટાડો થવાથી નફામાં વધારો થશે. આ પ્રસંગે કોમર્શીયલ ડેરી ફાર્મીંગ તાલીમ માર્ગદર્શિકાનું વિમોચન ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળે કર્યું હતું અને તેમના વરદ હસ્તે તાલીમાર્થીઓને સીડીએફ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લાના ૫૪ પ્રગતિશીલ દૂધ ઉત્પાદકોએ ભાગ લીધો છે. આ પ્રસંગે ડી.એચ. જીડીસીટીસી અને સીડીએસ વિભાગના તજજ્ઞોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.

# સમસ્ત સાબરકાંઠા બારગામ ભાવસાર સમાજનો ૩૬મો સમૂહ લગ્નોત્સવ રંગેચંગે સંપન્ન થયો

તલોદ, તા. ૨૬

સમસ્ત સાબરકાંઠા બારગામ ભાવસાર સમાજનો ૩૬મો સમૂહ લગ્નોત્સવ રવિવાર તા. ૨૩-૨-૧૪ના રોજ ભારે ધામધૂમપૂર્વક નવા વાડજ અમદાવાદ ખાતે સંપન્ન થયો. અહિં ભાવસાર સોસાયટીના કોમન પ્લોટમાં ઉભા કરાયેલા વિશાળ લગ્નમંડપમાં કુલ ૨૦ યુવા-યુવતીઓએ લગ્નગ્રંથીથી જોડાઈને દાંપત્યજીવન પથ ઉપર પદાર્પણ કર્યુ હતુ. આ ૨૦ યુવા-યુવતી (૧૦ નવદંપતિમાં) ૩ જિલ્લાના યુવા-યુવતીઓનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે ૩૬ સમૂહ લગ્નોત્સવ આ ભાવસાર સમાજે સાંગોપાંગ અને રંગેચંગે પાર પાડીને અન્ય સમાજ માટે પ્રેરણાયાદી ઉદાહરણ પુરૂ પાડ્યું છે. સમાજના સમૃદ્ધ શ્રેષ્ઠીઓ તરફથી મળતી દાન-ભેટ વગેરેની બેનમૂન સહાય થકી સમૂહ લગ્નોત્સવ સફળ રહ્યા હોવાનું એક મુલાકાતમાં તલોદ નાગરિક સહકારી બેન્કના નિવૃત્ત મેનેજર ચીમનલાલ શકરાલાલ ભાવસારે કહ્યું હતું.

## જામનગર જિલ્લામાં સૌ પ્રથમ સી.એન.જી. સ્ટેશન

ગાંધીનગર, તા. ૨૬

જી.એસ.પી.સી. ગેસ સી.એન.જી. સ્ટેશન ચેલા ગામ જામનગર જિલ્લાનું સૌ પ્રથમ સી.એન.જી. સ્ટેશનનું લોકાર્પણ મંત્રી સૌરભભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ પદે મહિલા બાળવિકાસ મંત્રી વસુબેન ત્રિવેદી, મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા. ટૂંક સમયમાં જિલ્લામાં બીજા નવા સી.એન.જી. સ્ટેશનો શરૂ થશે.

# પ્રાંતિજ-તલોદમાં જયોતિગ્રામ યોજના હેઠળ યોગ્ય વિજ પુરવઠો આપવા ગૃહમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની રજૂઆત

તલોદ, તા.૨૬

ગુજરાત વિધાનસભાગૃહમાં ગત રોજ રાજયપાલશ્રીના પ્રવચન પરની ચર્ચામાં પ્રાંતિજ-તલોદ તાલુકા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ભાગ લઈને રાજય સરકારની ખેડૂતો અને ઉદ્યોગોને પુરા પાડવામાં આવતા વિજ પુરવઠાની વિસંગતાતભરી નીતિ રીતિની રજૂઆત કરી હતી. રાજયમાં જયોતિગ્રામ યોજના હેઠળ વીજ પુરવઠો પુરો પડાતો હોવાની સરકારી જાહેરાતો સામે રાજય સરકારના છેલ્લા પરિપત્રથી ગામ તળના અભાવે પેટાપરામાં વસતા ઘર વપરાશના વિજ જોડાણ ધરાવતા ગ્રામજનોને જયોતિ ગ્રામ યોજના હેઠળ વિજ પુરવઠો આપવામાં નહિ આવતો હોવાની પણ રજૂઆત ધારાસભ્ય બારૈયાએ કરી હતી.

ગૃહમાં સરકાર દ્વારા રાજયપાલશ્રીના પ્રવચનમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, '૨૨૨૫૭ મેગા વોટ વિજળી ઉત્પન્ન કરવામાં આવી છે' ત્યારે તે સામે ધારાસભ્યએ દાવો કર્યો હતો કે સને ૨૦૦૬થી વિજ પુરવઠો મેળવવા ખેડૂતો વલખાં મારી રહ્યા છે. ખેડૂતોને ખેતી વિષયક વિજ જોડાણો આપવા અંગે સર્વે કરવામાં આવ્યો પરંતુ રાજય સરકારના એક પરિપત્રથી ખેડૂતોને મળતી સુવિધા મળવાપાત્ર જ રહી નથી. સરકારે પરિપત્ર એવો કર્યો છે કે, 'એક બ્લોક સર્વે નંબરમાં એક વિજ જોડાણ હયાત હોય તો બીજું જોડાણ મળશે નહિ...!'

રાજય સરકારના આ પરિપત્રને કારણે સમગ્ર ગુજરાત રાજયના હજારો ખેતી વિષયક વિજ જોડાણોની રાહ જોતા ખેડૂતો વિજ જોડાણથી વંચિત રહ્યા છે. કેટલાક ખેડૂતોએ ખેત સીમાડામાં લાખો રૂપિયાના ખર્ચે બનાવેલા બોરવેલ વિજ જોડાણના અભાવે 'શોભાના ગાંઠીયા' સમાન પુરવાર થયા છે. આવા ખેડૂતોના વિજ જોડાણ રદ કરી દેવામાં આવતા અને અરજદાર ખેડૂતોની પરવાહ નહિ કરવામાં આવતા ખેડૂતો ભારે આપદાનો ભોગ બન્યા છે. 'ભૂમિ પુત્ર' તરીકે જેની ઓળખ પ્રસ્થાપિત થઈ છે તેવા ખેડૂતોને નીચે ધરા અને ઉપર આકાશ વચ્ચે વીજ જોડાણ મેળવવા મીટ માંડીને બેસી રહેવાનો વારો આવ્યો છે આ તે કેવી દુર્દશા?

ચર્ચામાં ભાગ લેતા ધારાસભ્ય બારૈયાએ ઉદ્યોગો અને ખેતીની વિજળી બાબતે વિસંગતતાવાળી સરકારની રસમની ટીકા કરી હતી અને એવી રજૂઆત કરી હતી કે ઉદ્યોગપતિઓને ઉદ્યોગો માટે જો વિજ જોડાણો જોઈતા હોય તો તેમને માટે કોઈ નિયમ કે પરિપત્રો લાગુ પાડવામાં આવતા નથી. તદ ઉપરાંત ઉદ્યોગોને સવારે ૮ થા સાંજના ૫ કલાક સુધી વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે જયારે ખેતી માટે ૮ કલાકથી વધુ વિજ પુરવઠો આપવામાં આવતો નથી અને તે પણ રાત્રિના સમયે જ અપાતો હોવાથી ખેડૂત પરિવારો આર્થિક, શારિરીક અને માનસિક રીતે પરેશાન થઈ નાહકના અનેક આપત્તિઓનો ભોગ બને છે. જે ખેડૂતો માટે ચૂંટણી ઢંઢેરામાં ૧૪-૧૪ કલાક વીજ પુવરઠો આપવાની વાતો કરવામાં આવી હતી તેવા સંદર્ભની રજૂઆત કરીને ધારાસભ્યશ્રીએ કહ્યું હતું કે સરદાર સાહેબના નામથી રન ફોર યુનિટીના કાર્યક્રમો કરવામાં આવે છે ત્યારે ખેડૂત પુત્ર અને ખેડૂતોના હમરાહ એવા સરદાર સાહેબને કેન્દ્ર સ્થાને રાખીને શા માટે ખેડૂત વિરોધી નીતિ અખત્યાર કરીને ખેડૂતોને ખેતી વિષયક વીજ પુરવઠો પુરો પાડવામાં આવતો નથી? આ સંદર્ભની રજૂઆત કરીને ધારાસભ્યશ્રીએ ખેડૂતોના હમદર્દ બનવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન